Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૧-૦૫/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૨૪ /૦૪/૨૦૨૪

વિષય:- ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

(૧) ભારતના ચૂંટણીપંચની પ્રેસનોટ નં.ઈસીઆઇ/પીએન/૨૩/૨૦૨૪, તા.૧૬/૦૩/૨૦૨૪

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક:જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જામનગરનો તા.૨૮/૦૨/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./FST/SST/VVT/૨૮૦૨/૨૦૨૪. તથા તા.૧૦/૦૪/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લો.સ.સા.ચૂ./FST-SST/ટીમ રચના/૦૯૦૪/૨૦૨૪ તથા તા.૧૮/૦૪/૨૦૨૪નો હુકમ ક્રમાંક: લો.સ.સા.ચૂ./SST/ટીમ રચના/૧૮૦૪/૨૦૨૪ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તરફથી થયેલ સુધારા હુકમો.

(૪) આ કચેરીના તા.૧૬/૦૩/૨૦૨૪ના હુકમ નં. ડીએમ/લો.સ.ચટણ/૦૧/૨૦૨૪, તથા તા.૨૨/૦૩/૨૦૨૪ના હુકમ નં.ડીએમ/લો.સ.ચટણ/૦૧-૧/૨૦૨૪, તથા તા.૧૨/૦૪/૨૦૨૪ના હુકમ ક્રમાંક: લો.સ.ચટણ/૦૧-૦૨/૨૦૨૪, તથા તા.૧૮/૦૪/૨૦૨૪ના હુકમ ક્રમાંક: લો.સ.ચટણ/૦૧-૦૩/૨૦૨૪ તથા તા.૨૩/૦૪/૨૦૨૪ના હુકમ ક્રમાંક: લો.સ.ચટણ/૦૧-૦૪/૨૦૨૪.

(૫) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-લોકસભા સંસદીય મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)ના તા.૨૨/૦૪/૨૦૨૪ના સુધારા હુકમ નં. ચટણ/લો.સ./SST/૨૦૨૪

**આદેશ:-**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના તમામ ૫ (પાંચ) વિધાનસભા મતદાર વિભાગો માટે જેમને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી, આ કચેરી તરફથી, નોડલ અધિકારીશ્રી તરફથી, ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરફથી ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ/કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ-(૨) જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪,૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. હાલ ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ જળવાઈ રહે તે માટે ફલાઇંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમોની રચના વંચાણ-(૩)ના હુકમથી કરવામાં આવેલી છે. અને વંચાણ-(૪)ના હુકમથી તેમને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપેલ છે.

વંચાણ-(૫) ના સુધારા હુકમથી આ ટીમમાં ફેરફાર કરવામાં આવેલ છે. આથી નીચે દર્શાવેલ કોષ્ટકના કોલમ નં.૪ માં દર્શાવેલ કર્મચારી/અધિકારીને કમી કરતા તેમને આપેલ અધિકાર પરત ખેંચવામાં આવે છે. તેમજ તેમના સ્થાને કોલમ નં.૫ માં જણાવેલ કર્મચારી/અધિકારીને કોમલ નં.૩ માં દર્શાવ્યા મુજબ નિયુક્ત કરવામાં આવેલ છે. જેઓને કોલમ (૨) મુબજના વિસ્તાર/કાર્યક્ષેત્રમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધીના સમય માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

| ક્રમ | વિ.સ.મ.વિ. | ટીમનું નામ | કમી કરેલ કર્મચારીનું નામ, હોદ્દો અને કચેરી | નવનિયુક્ત કરવામાં આવનાર કર્મચારીનું નામ, હોદ્દો અને કચેરી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | ૭૮–જામનગર ઉત્તર | સ્ટેટિક સર્વેલન્સ ટીમ | શ્રી હર્ષિલ આર. મેનપરા,<br>વિકાસ અધિકારી,<br>એલ.આઇ.સી., જામનગર<br>મો. ૯૭૨૩૨ ૬૦૩૧૮ | શ્રી જીગ્નેશ જે. કાનાણી,<br>જુનીયર લેક્ચરર,<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર<br>મો. ૯૯૯૮૯ ૬૫૦૪૭ |

ઉક્ત કર્મચારી/અધિકારીશ્રીએ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણીલક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે અને આ અધિકારોનો દુરઉપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

Office of the District Magistrate, જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા), સત્યમેવ જયતે, ગુજરાત રાજ્ય, Jamnagar District

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
સબંધિત કર્મચારી/અધિકારીશ્રી,
(એ.આર.ઓ મારફતે)...............

નકલ રવાના:–

૧) જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર
૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામગનર
3) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

... સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ
૫) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬–કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૬) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭–જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)
૭) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮–જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)
૮) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૯) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨–જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર.
૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)
૧૧) મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા
૧૨) થાણા ઇન્ચાર્જશ્રી, .......................... પો.સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૩) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫) માન્ય રાજકીય પક્ષો ..(મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

<u>નકલ સવિનય રવાના:-</u>

૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨) નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩) રજીસ્ટ્રારશ્રી,
નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ,
જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District